NAVSARI AGRICULTURAL UNIVERSITY

# નવસારી કૃષિ યુનિવર્સિટી
## એરૂ ચાર રસ્તા,નવસારી

ડૉ.એમ.એસ.પુરોહિત
ઇ/ચા કુલસચિવ

ફોનઃ૦૨૬૩૭–૨૮૨૮૨૩ અને ૨૮૨૭૭૧–૭૫ એક્ષ.૧૧૩૨ .
મોઃ ૯૮૨૫૧૩૬૭૯૩ ઈ.મેલઃ registrar@nau.in

**જા.નં.નકૃયુ/રજી/અ– ૩– ૧/ મંજુરી/૪૧૯૦–૨૪૫/૨૦૧૩.** **તારીખઃ– ૩૦/ ૦૩ /૨૦૧૩.**

**વર્કઓડર**

**પ્રતિ,**
શીવ ઈન્ડસ્ટ્રીયલ સિકયુરીટી ફોર્સ એન્ડ લેબર સપ્લાય.
જી એફ–૧,અમરનાથ એપાર્ટમેન્ટ સ્ટ્રર્યલીંગ હાઉસ નજીક,
અકોટા સ્ટેડીયમના પાછળ,જુના પાદરા રોડ,
વડોદરા–૩૯૦ ૦૨૦

**વિષય** :– નવસારી કૃષિ યુનિવર્સિટી ના મુખ્ય કેન્દ્ર તથા પેટા કેન્દ્રો માં સિકયુરીટી સેવા ની કામગીરી અંગે... (વર્કઓડર)

**સંદર્ભ** :– ૧.અત્રેની કચેરીના સ્વિકૃત પત્ર ક્રમાંકઃન.કૃ.યુ./રજી/અ–૩–૧/મંજુરી/૧૪૬૬–૬૭/૨૦૧૩, નવસારી, તારીખઃ ૨૮/૦૩/૨૦૧૩.

જયભારત સહ ઉપરોકત વિષય ના અન્વયે જણાવવાનું કે સંદર્ભીત પત્રની વિગતો મુજબ આપના તરફથી **₹ ૪,૧૦,૦૦૦/– (અંકે ચાર લાખ દશ હજાર પુરા)**વિજયા બેંક અલકાપુરી બરોડા શાખાનો **એફ.ડી.આર.નંઃ ૨૧૦૧૩૯ તારીખઃ ૨૯/૦૩/૨૦૧૩ થી તાઃ૨૯/૦૪/૨૦૧૪ સુધીનો** અત્રેની કચેરી ને આપવામાં આવતા અને યુનિવર્સિટી સાથે જરૂરી કરારનામુ કરતા આપને નવસારી કૃષિ યુનિવર્સિટીના મુખ્ય મથક અને તેના ચૌદ પેટા કેન્દ્રોના હાલ **કુલઃ૪૪(ચુમ્માંલીસ)** પોઈન્ટ ઉપર યુનિવર્સિટીની સ્થાવર જંગમ માલ મિલ્કત અને પાકોની સાચવણી અને નુકશાની ની દેખરેખ માટે આ સાથે સામેલ રાખેલ સિકયુરીટી સેવા પુરી પાડવા અંગે નો થયેલ કરાર મુજબની કચેરીઓ માં અને સ્થળે તારીખઃ૦૧/૦૪/૨૦૧૩ના રોજથી તારીખઃ૨૮/૦૨/૨૦૧૪ સુધી સિકયુરીટી સેવા પુરી પાડવાની ઘટતી કાર્યવાહી હાથ ઘરવાની સુચના આપવામાં આવે છે.

**વધુમાં જણાવવાનું કે આપે એક પોઈન્ટના એક દિવસના બધાજ ટેક્ષ(સર્વિસ ટેક્ષ હાલ૧૦.૩૦%) સહિત રૂાઃ૫૩૫/–(અંકે પાંચસો પાંત્રીસ પુરા)માં સેવા કરાર માં જણાવ્યા મુજબ અને શરતોને આધિન કામગીરી કરવાની રહેશે.હાલમાંજે સિકયુરીટી સેવા બજાવતી છે તેમની પાસેથી સંપુર્ણ ચાર્જ તારીખઃ૦૧/૦૪/૨૦૧૩ થી સંભાળી લેવાની રહેશે. અને તેની જાણ અત્રેની કચેરીને કરવાની રહેશે.આ સાથે અપની સાથે કરવામાં આવેલ કરારનામાની નકલ જાણ સારૂ સામેલ રાખવામાં આવેલ છે.**

**કુલસચિવ**

**સામેલઃ– કરારની નકલ**

**<u>નકલ સવિનય રવાનાઃ–</u>**

૧. નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારી કેન્દ્રના તમામ યુનિટ/સબયુનિટ અધિકારીશ્રીઓ તરફ, જાણ થવા સારૂ.
૨. નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારી ના બહાર ના ફાર્મ ના વડા ને આ અંગેજાણ થવા સારૂ.
૩. વહીવટી–વ–હિસાબી અધિકારીશ્રી નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારીની કચેરી તરફ જાણ થવા સારૂ.

**નકલ રવાનાઃ–**

૧. **ન્યુજીન સીકયુરીટી સર્વિસીસ,બી–૧૫/૧૬,વૈકુન્ઠધામ ટેનામેન્ટ,એરફોર્સ સ્ટેશન નજીક,મકરપુરા વડોદરા.૩૯૦ ૦૧૦.તરફ જાણ તેમજ આપના હસ્તકનો સંપુર્ણ ચાર્જ ઉપર જણાવેલ પાટીને આપી અત્રેની કચેરીએ જાણ કરવાની રહેશે.**
૫. હિસાબી અધિકારીશ્રી(કેશ), નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારીની કચેરી તરફ જાણ થવા સારૂ.

## –:: કરારની શરતો ::–

| | |
|---|---|
| ૧. | **"સિકયુરીટી કંપની"એ તારીખઃ૦૧/૦૪/૨૦૧૩થી તારીખઃ૨૮/૦૨/૨૦૧૪ સુધી અગ્યાર માસ માટે "યુનિવર્સિટી"ના મુખ્ય મથક અને૧૪(ચૌદ)પેટા કેન્દ્રોમાં સિકયુરીટી સેવા આપવાની રહેશે.** |
| ૨. | **આ કરાર "યુનિવર્સિટી"ના મુખ્ય કેન્દ્રમાં અને બહારના૧૪(ચૌદ) પેટા કેન્દ્ર ખાતે તેમની સામે જણાવેલ સ્થળોએ સ્થાયી સિકયુરીટી ગાર્ડ ફીકસ ૨૪ (ચોવીસ) કલાક સેવામાં રાખવાના રહેશે. દરેક ગાર્ડનીટ૮ઃ૦૦ કલાકની ફરજ ગણતા એક પોઈન્ટ માટે૩(ત્રણ) ગાર્ડ રાખવાના રહેશે.જે૦૧(એક)પોઈન્ટ તરીકે ગણત્રીમાં લેવાશે.જેનો સમય <u>પ્રથમ ગાર્ડનો સમય</u>ઃ–** સવારે ૦૬.૦૦ થી બપોર ના ૦૨.૦૦ સુધી, **<u>બીજા ગાર્ડનો સમય</u>ઃ–** બપોરે ૦૨.૦૦ થી રાત્રે૧૦.૦૦ અને **<u>ત્રીજા ગાર્ડનો સમય</u>**ઃ– રાત્રે૧૦.૦૦ થી સવારે ૦૬.૦૦ વાગ્યા સુધીનો રહેશે.આ રીતે સિકયુરીટી ગાર્ડએ ફરજ બજાવવાની રહેશે. **દરેક ગાર્ડને અઠવાડીયામાં એક દિવસની રજા નિયમોનુસાર આપવાની રહેશે અને એક ગાર્ડ પાસે ૦૮ઃ૦૦ કલાકથી વધારે સમયની કામગીરી કરાવી શકાશે નહી. (મુખ્ય કેન્દ્ર અને પેટા કેન્દ્રો ખાતે સિકયુરીટી સેવા અંગે નીચેની વિગતેના પોઈન્ટ જણાવવામાં આવે છે)** |

| **કેન્દ્ર** | **પોઈન્ટ** | **નવસારી કૃષિ યુનિવર્સિટી માં પોઈન્ટના સ્થળની વિગત** |
|---|---|---|
| નવસારીના મુખ્ય મથક ખાતે કુલઃ– (૧૨+૦૧=૧૩) પોઈન્ટ | ૦૧ | ગેટનં.૧(આચાર્યશ્રીના બંગલા અને એ.ટી.એમ. આગળ) |
| | ૦૧ | ગેટનં.૨(ન.મ. કૃષિમહાવિદ્યાલય આગળનો મુખ્ય ગેટ) |
| | ૦૧ | મા.કુલપતિશ્રીના નિવાસ સ્થાને. |
| | ૦૧ | યુનિવર્સિટી ભવન ખાતે. |
| | ૦૧ | કૃષિશાળાના મુખ્ય દરવાજા સામે, અને વેટરનરી દવાખાનું. |
| | ૦૧ | અસ્પી બાગાયત–વ–વનિય કોલેજના ફાર્મ પાસે દાંડીરોડ, અને જી–બ્લોક.(*) |
| | ૦૧ | ગર્લ્સ હોસ્ટેલ ખાતે. |
| | ૦૧ | હોર્ટીકલ્ચર, નવનિત, નવરત્ન, નવજયોત હોસ્ટેલ ખાતે. |
| | ૦૧ | ઓનીયન ડીહાઇડ્રેશનપ્લાન્ટ તથા પ્રોસેસીંગ પ્લાન્ટ સંકુલ ખાતે,કે.વી.કે.,ઓર્ગેનીક ફાર્મની ચોકડી,. જળ જમીન ફાર્મ અને એફ બ્લોક. |
| | ૦૧ | વેટરનરી કોલેજ બિલ્ડીંગ, હોસ્ટેલ . |
| | ૦૧ | ફાર્મમેનેજરની કચેરી, ડેરી અને સી બ્લોક. |
| | ૦૧ | શેરડી સંશોધન ફાર્મ અને પી.સી.પી.ફાર્મ |
| | ૦૧ | એ–બ્લોક,મેંગો અને અન્ય પ્લાન્ટેશન એરીયા. |
| ગણદેવી ફાર્મ | ૦૧ | સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી(ફળ), ગણદેવી. |
| દાંતી–ઉભરાંટ | ૦૨ | સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી, દાંતી–ઉભરાંટ. |
| સુરત | ૦૨ | સંશોધન વૈજ્ઞાનિકશ્રી(કપાસ). અઠવા ફાર્મ સુરત |
| | ૦૧ | સંશોધન વૈજ્ઞાનિકશ્રી(જુવાર). અઠવા ફાર્મ સુરત |
| | ૦૧ | કોલેજ ઓફ બાયોટેકનોલોજી,અઠવાફાર્મ સુરત |
| વ્યારા | ૦૨ | સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી, પ્રા.ચોખા.સં.કેન્દ્ર.વ્યારા |
| | ૦૨ | મદદનીશ વિસ્તરણ શિક્ષણ શાસ્ત્રી, કૃષિ શાળા,વ્યારા. |
| | ૦૧ | પ્રોગ્રામ કો–ઓર્ડીનેટર, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર વ્યારા |
| માંગરોલ | ૦૧ | મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકશ્રી, માંગરોલ,જી.સુરત. |
| બારડોલી | ૦૧ | મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકશ્રી, ઘઉ સંશોધન કેન્દ્ર બારડોલી. |
| પરીયા (૦૪+૦૧=૦૫) | ૦૫ | બાગાયત પોલીટેકનીક ન.કૃ.યુ.પરીયા **અને** સંશોધન વૈજ્ઞાનિકશ્રી (બાગાયત) ન.કુ.યુ. પરીયા. **(*)** |
| વઘઈ | ૦૩ | સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી,હલકા ધાન્ય સંશોધન કેન્દ્ર વઘઈ ખાતે અને રંભાસ ફાર્મ, જી.ડાંગ. |
| | | મદદનીશ વિસ્તરણ શિક્ષણ શાસ્ત્રીશ્રી, કૃષિશાળા, વઘઈ, જી.ડાંગ. |
| | | પ્રોગ્રામ કો–ઓર્ડીનેટર, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર વઘઈ, જી.ડાંગ. |
| | | આચાર્યશ્રી, કોલેજ ઓફ એગ્રીકલ્ચર,ન.કૃ.યુ.વઘઈ. |
| વણારસી | ૦૧ | સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી,નાઈઝર સંશોધન કેન્દ્ર,વણારસી,જી. નવસારી. |

| | કેન્દ્ર | પોઈન્ટ | નવસારી કૃષિ યુનિવર્સિટી માં પોઈન્ટના સ્થળની વિગત |
|---|---|---|---|
| | ભરૂચ | ૦૩ | સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી,(કૃષિ વન) કપાસ સંશોધન કેન્દ્ર, ભરૂચ. |
| | | | સહ પ્રાધ્યાપકશ્રી, એન.એ.આર.પી., ભરૂચ |
| | | | આચાર્યશ્રી, કોલેજ ઓફ એગ્રીકલ્ચર,ન.કૃ.યુ.મકત્તમપુર ભરૂચ |
| | | | મદદનીશ વિસ્તરણ શિક્ષણ શાસ્ત્રીશ્રી, કૃષિશાળા, ભરૂચ |
| | હાંસોટ | ૦૧ | મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકશ્રી, કપાસ સુકારા કેન્દ્ર, હાંસોટ, જી ભરૂચ. |
| | તણછા | ૦૧ | મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકશ્રી, કૃષિ સંશોધન કેન્દ્ર, તણછા, જી ભરૂચ. |
| | ડેડીયાપાડા | ૦૨ | આચાર્યશ્રી, પોલીટેકનીક કૃષિ ઈજનેર, ડેડીયાપાડા, જી. નર્મદા |
| | | | પ્રોગ્રામ કો–ઓર્ડીનેટર,કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ડેડીયાપાડા, જી. નર્મદા |
| | અછાલીયા | ૦૩ | મદદ. સંશોધન વૈજ્ઞાનિકશ્રી કપાસ સંશોધન કેન્દ્ર,અછાલીયા /ઉચ્છબ. |
| | | | મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકશ્રી (જળ અને જમીન) એન.એ.આર.પી,અછાલીયા, ભરૂચ. |
| **કુલઃ– (૪૪+૦૨=૪૬)** | | **૪૬** | **પોઈન્ટમાં વધારો અથવા કમી કરવાની સત્તા કુલસચિવના આબાધિત રહેશે.** |

**<u>નોંધ :–</u>** **(*)કેરીની સીઝન દરમ્યાન સંબધિત ફાર્મ ખાતે એક વધારાના પોઈન્ટની આવશ્યકતા રહે છે. અત્રેથી મંજુરી આપ્યા બાદ સેવા આપવાની રહેશે.**

૩. **''સિકયુરીટી કંપની''** ને આપની સેવા બદલ ચુકવવા પાત્ર થતી એક માસની રકમ સિકયુરીટી ડીપોઝીટ તરીકે એકી સાથે સેવા સંભાળ્યા ના રોજ ભરવાની રહેશે. જો સિકયુરીટી ડીપોઝીટ જમા કરાવવામાં નહીં આવે તો તેમનો ઓર્ડર રદ કરવામાં આવશે અને તેની અર્નેસ્ટમની ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે. ત્યાર બાદ યુનિવર્સિટી ધ્વારા નિમાયેલ કમીટી / **''યુનિવર્સિટી''** નકકી કરે તે પાર્ટીને ઓર્ડર આપવામાં આવશે.

૪. **''સિકયુરીટી કંપની''** એ દર માસનું બિલ જેતે કેન્દ્ર ખાતે મહીનો પુર્ણ થાય કે તારીખઃ૦૧ થી ૦૩ સુધીમાં પોઈન્ટ ના દર મુજબ બીલ બનાવી ત્રણ નકલમાં રજુ કરવાનું રહેશે. અને ગાર્ડને મોડામા મોડુ તારીખઃ૦૭ સુધીમાં ચુકવણું કરવાનુ રહેશે.મુખ્ય કેન્દ્રનું બિલ કુલસચિવશ્રીની કચેરી નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારી માં રજુ કરવાનુ રહેશે.

૫. સિકયુરીટી સેવાના સમય દરમ્યાન **''યુનિવર્સિટી''** માં ઉપર જણાવેલ ૧૪(ચૌદ)પેટા કેન્દ્રો નીઆવેલ તમામ સ્થાવાર જંગમ મિલ્કતો,ઉભા પાકો, ધાસચારો, પશુધન તથા અન્ય તમામ રહેણાંકના મકાનો સહિતની મિલ્કતોની ચોરી, લુટફાટ,ધાડ,હાથ ચાલાકી,ડુકકર,ગાય,ભેસ,બકરી,વાંદરા તથા અન્ય પ્રાણીઓથી બચાવી સંરક્ષણની સંપુર્ણ દેખરેખ તથા વ્યવસ્થા રાખશે.તેમ છતા જો સિકયુરીટી કંપનીના ગાર્ડએ ફરજ નિષ્ઠાથી અને બિન કેફી હાલતમાં સેવા બજાવવાની રહેશે. આ સેવા બજાવવામાં નિષ્ફળ જાય અને તેના પરિણામે ઉપર જણાવેલ ઝોન અ.નંઃ૦૧થી૦૪ માં દર્શાવેલ કેન્દ્રો માં યુનિવર્સિટીની કોઈપણ માલ મિલ્કતને સંપુર્ણ અથવા અંશતઃ નુકશાની થશેતો તેના તમામ નાણાં સિકયુરીટી કંપનીએ યુનિવર્સિટીને તુર્ત જ રોકડેથી ભરપાઈ કરવાના રહેશે.અને થયેલ નુકશાનીની રકમ યુનિવર્સિટીને ભરપાઈ થયા બાદ જ સિકયુરીટી કંપનીને જેતે માસનું બીલ મંજુર કરવામાં આવશે. વસુલાતની રકમ જમા ન કરાવે તો કરારની શરતો નો ભંગ થયેલ માની**''સિકયુરીટી કંપની''**ની પુરેપુરી સિકયુરીટી ડીપોઝીટ જપ્ત કરી સંપુર્ણ કોન્ટ્રાકટ રદ કરવામાં આવશે.નુકશાનીની રકમ અંગે કોઈ તકરાર જો ઉપસ્થિત થશે,તો આ અંગે સિકયુરીટી સમિતી એ યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.અને આ અંગેનો આખરી નિર્ણય **''યુનિવર્સિટી''** કુલપતિશ્રીનો રહેશે.જે નિર્ણય **''સિકયુરીટી કંપની''** ને બંધનકર્તા રહેશે.

૬. **''યુનિવર્સિટી''** ના મુખ્ય મથક તથા નવસારી ઝોનના અન્ય કેન્દ્રો ઉપર **'' સિકયુરીટી કંપની''** એ ઉમર વર્ષઃ૧૮ થી ૫૮ સુધીના ઈસમો ને ગાર્ડ તરીકે રાખવાના રહેશે. વર્ષઃ૧૮ થી ઓછી અને ૫૮ થી વધારે ઉમરના ગાર્ડ ધ્યાન પર આવશે તો જે તે માસનો પગાર કાપી લેવામાં આવશે.આ અંગે ફોટા વાળા પુરૂનામ,સરનામુ અને જન્મ તારીખ સહીત ના ફોટા વાળા ઓળખ પત્ર આપવાનું રહેશે.જે ગાર્ડએ ફરજીયાત સંપૂર્ણ ગણવેશ(વર્દી) સાથે ગળામાં પહેરવાનુ રહેશે.

૭. **'' સિકયુરીટી કંપની''** એ સરકારશ્રી ના નિયમો મુજબ એજન્સી તેના ગાર્ડોને લઘુત્તમ વેતન ધારા મુજબ આ કોન્ટ્રાકટ મજુર (નિયમ અને નાબુદી અધિનિયમ,૧૯૭૦ અને કોન્ટ્રાકટ મજુર(નિયમ અને નાબુદી) (ગુજરાત નિયમો,૧૯૭૨ ) એકટ મુજબ વેતન ની ચુકવણી કરવાની રહેશે.આ માટે લેબર કોન્ટ્રાકટ એકટનો નમુનો–૨૪(નિયમ ૮૨(૧),નમુનો–૧૨ (નિયમ ૭૪)કોન્ટ્રાકટરોની વિગતોનું રજીસ્ટર, નમુનો–૧૩ (નિયમ–૭૫) કોન્ટ્રાકટરે કામે રાખેલ કામદારોનું રજીસ્ટર,અચુક રાખવાનુ રહેશે.જેતે માસની તારીખ–૧૫ સુધીમાં જેતે અધિકારીશ્રી /કર્મચારીની રૂબરૂમાં ગાર્ડને ચુકવણી કરેલ હોય તેની ઝેરોક્ષ નકલ નવસારીના મુખ્ય મથકની નકલ કુલસચિવ નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારીની કચેરીએ રજુ કરવાની રહેશે.અને બહારના કેન્દ્રની નકલ જેતે કચેરીમાં આપવાની રહેશે.બહારના કેન્દ્રોની એક નકલ કુલસચિવશ્રી ની કચેરી નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારી ને પણ અચુક મોકલવાની રહેશે.

| | |
|---|---|
| ૮. | " **સિકયુરીટી કંપની**" એ સિકયુરીટી સેવા માટે આવશ્યક ચીજવસ્તુઓ જેવી કે ફરજ ઉપર કર્મચારીનો સંપૂર્ણ ગણવેશ (વર્ધી) લાકડી, ટોર્ચ, વ્હીસલ, ઓળખપત્ર કે જરૂરી લાગે તેવા વાહનો / સાધનો " **સિકયુરીટી કંપની**" એ સિકયુરીટી ગાર્ડ ને પુરા પાડવાના રહેશે.આ સાધનો, વસ્તુઓ કે જરૂરી લાગે તેવા વાહનો " **સિકયુરીટી કંપની**" એ પુરા પાડશે.આ સાધનો પુરા પાડવાની જવાબદારી "**યુનિવર્સિટી**" ની રહેશે નહી. સિકયુરીટી સ્ટાફનું દિવસ/રાત્રી માં ચેંકીગ " **સિકયુરીટી કંપની**" એ પોતાના ખર્ચે કરવાનું રહેશે.આ માટે " **યુનિવર્સિટી**" કોઈપણ પ્રકારનો ખર્ચ ભોગવશે નહી. |
| ૯. | " **સિકયુરીટી કંપની**" એ સેવાકાળ દરમ્યાન રોકેલ માણસના ફોટા સહીતની માહિતી નજીકના પોલીસ સ્ટેશનમાં અને એક નકલ કુલસચિવની કચેરી, નવસારી કૃષિ યુનિવર્સિટી ,નવસારીને આપવાની રહેશે.રોકવામાં આવેલ માણસની વર્તણુંક થી જો "**યુનિવર્સિટી**" ને કોઈપણ પ્રકારનું નુકશાન થશે તો તેની સંપૂર્ણ જવાબદારી " **સિકયુરીટી કંપની**" ની રહેશે.સેવાના સમય ગાળા દરમ્યાન સ્ટાફમાં કોઈ ફેરફાર કરવામાં આવે તો તેની માહિતી, ફેરફાર કર્યા થી દિવસ– ૮(આઠ) માં ઉકત કચેરીમાં/પોલીસ સ્ટેશન માં અને "**યુનિવર્સિટી**" ને રજુ કરવાની રહેશે. |
| ૧૦. | સરકારશ્રી ના કાયદા મુજબ સિકયુરીટી સેવા માટે" **સિકયુરીટી કંપની**" એ રોકેલ સ્ટાફને ચુકવવાપાત્ર થતાં માસિક પગાર, મોંઘવારી ભથ્થુ, અન્ય ભથ્થાઓ, પી.એફ, પેન્શન, ગ્રેજયુઈટી વિગેરે બાબતો અંગે તમામ જવાબદારી કોન્ટ્રકટરની રહેશે. જો કોઈ સંજોગોમાં સિકયુરીટી સ્ટાફ નોકરીમાંથી છુટો કરવા સબંધે કે હકકો ના નાણાં સંબધે "**યુનિવર્સિટી**" ને પક્ષકાર બનાવી કોઈ કેસ કે ફરીયાદ કરે તો તે અંગે ની તમામ જવાબદારી " **સિકયુરીટી કંપની**" ની રહેશે. આ સંબધે "**યુનિવર્સિટી**" ની કોઈ જવાબદારી રહેશે નહી |
| ૧૧. | " **સિકયુરીટી કંપની**" એ માસિક પેમેન્ટ વખતે સિકયુરીટીના બીલમાંથી સરકારશ્રી ના દર મુજબ ઈન્કમટેક્ષ તથા નિયમોનુસારનો તેના ઉપરનો સરચાર્જ કાપી લેવામાં આવશે.અને સર્વિસ ટેક્ષની રકમને સરકારશ્રીમાં જમાં કરાવવાની જવાબદારી " **સિકયુરીટી કંપની**"ની રહેશે જેની ઝેરોક્ષ નકલ દર માસે "**યુનિવર્સિટી**" (કુલસચિવશ્રી) ની કચેરીએ આપવાની રહેશે.જેની નકલ ન આપવામાં આવે તો જે તે માસનો પેમેન્ટ અટકાવવામાં આવશે. |
| ૧૨. | " **સિકયુરીટી કંપની**" એ સિકયુરીટી કોન્ટ્રાકટ હેઠળના સ્ટાફ કે ગાર્ડને ચાલુ ફરજ દરમ્યાન અકસ્માત /બિમાર થાય તો "**<u>વર્કમેન્સ કોમ્પન્સેશન એકટ</u>**" હેઠળ જે વળતર ચુકવવાનું થાય તે નાણાં ચુકવવાની સપુર્ણ જવાબદારી " **સિકયુરીટી કંપની**" ની રહેશે. |
| ૧૩ | "**સિકયુરીટી કંપની**"ના સેવા સમયગાળા દરમ્યાન કંપનીએ સુરક્ષા માટે રોકવામાં આવેલ સ્ટાફ કોઈપણ પ્રકારે પશુ–પક્ષી, કે પ્રાણીઓ પાળી શકશે નહી. અને જયાં રેહતા હોય ત્યાં શાકભાજી અથવા કોઈપણ જાતના ઝાડ નું રોપાણ કરી શકશે નહી. |
| ૧૪. | "**સિકયુરીટી કંપની**" એ સિકયુરીટી સેવા માટે રોકવામાં આવેલ સ્ટાફ યા ગાર્ડ કોઈપણ રીતે આ પ્રકારે"**યુનિવર્સિટી**" ના કર્મચારી ગણાશે નહીં, તેમજ " **યુનિવર્સિટી**" સાથે માલિક અને કામદારના સબંધો પ્રસ્થાપિત થશે નહીં. તે મુજબ " **યુનિવર્સિટી**" ના કર્મચારીઓને મળતાં વેતન યા ભથ્થા ની માંગણી કોઈ પણ રીતે યા પ્રકારે કરી શકશે નહીં. આ સબંધે કોઈપણ વિવાદ ઉપસ્થિત થાય તો તેની સંપૂર્ણ જવાબદારી " **સિકયુરીટી કંપની**"ની રહેશે. "**યુનિવર્સિટી**" ને લાગુ પડતાં તમામ મજુર કાયદાઓ મુજબના લાભો સિકયુરીટી સ્ટાફ યા ગાર્ડને આપવાની સંપૂર્ણ જવાબદારી " **સિકયુરીટી કંપની**" ની રહેશે. |
| ૧૫. | "**સિકયુરીટી કંપની**" એ ટેન્ડર ની શરતો તેમજ "**સિકયુરીટી કંપની**" તરફથી રજુ કરેલ પત્રમાં અપાયેલ બાંહેધરી મુજબ કોન્ટ્રાકટ મળ્યા થી દિવસ–૮ (આઠ) માં સરકારી ધારા–ધોરણ મુજબના સ્ટેમ્પ પેપર ઉપર નીચે સહી કરનારની હાજરીમાં એગ્રીમેન્ટ કરવાનું રહેશે. આ એગ્રીમેન્ટમાં ટેન્ડરમાં દર્શાવ્યા મુજબ સિકયુરીટી સ્ટાફ ને લઘુત્તમ વેતન ધારા મુજબનું વેતન ચુકવવાની અને કોન્ટ્રાકટના સમય ગાળા દરમ્યાન વેતન દરો માં કોઈ વધારો થશે તો તે જે તે સ્ટાફ ને"**સિકયુરીટી કંપની**" એ ચુકવવાનો રહેશે અને આ અંગે"**યુનિવર્સિટી**" પાસેથી કોઈ માંગણી "**સિકયુરીટી કંપની**" કે તમારા તરફથી રોકવામાં આવેલ સ્ટાફ કરશે નહીં તેની બાંહેધરી અલગથી ₹ ૧૦૦/–(અંકે સો પુરા) ની કિંમતના સ્ટેમ્પ પેપર ઉપર આપવાની રહેશે. |
| ૧૬. | "**સિકયુરીટી કંપની**" એ સંરક્ષણ વ્યવસ્થા માટે રોકવામાં આવેલ સ્ટાફનો પ્રોવીડન્ટ ફંડ અને સમુહ વિમો લેવાનો અને તેના આધારની પ્રમાણિત ઝેરોક્ષ નકલ "**યુનિવર્સિટી**" ને રજુ કરવાનું રહેશે.ત્યાં સુધી પ્રથમ બીલનું પેમેન્ટ કરવામાં આવશે નહી. |
| ૧૭. | "**સિકયુરીટી કંપની**" એ સ્ટાફ નાં વેતન ચુકવણી અંગેનું તેમજ આ માટે રોકવામાં આવેલ સ્ટાફનું તમામ રેકર્ડ અને રજીસ્ટરો પ્રવર્તમાન મજુર કાયદા મુજબ નિભાવવાના રહેશે અને તે અંગેની સંપૂર્ણ જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે. આ અંગે સરકારશ્રીના મજુર અધિકારીશ્રી કે મદદનીશ મજુર કમિશ્નરશ્રીની કચેરી તરફ થી કોઈ માહિતી માંગવામાં આવે ત્યારે તે તમામ પુરી પાડવાની રહેશે અને રેકર્ડ કે રજીસ્ટરોની ચકાસણી કરવાનો "**યુનિવર્સિટી**" ને પણ અધિકાર રહેશે. |

| | |
|---|---|
| ૧૮. | કરારની શરતો પૈકી પણ શરતનું અર્થઘટન બાબતે કે બિજી કોઈ બાબતમાં વિવાદ ઉભો થાય તો તે બાબતમાં **"યુનિવર્સિટી"** (સિકયુરીટી સમીતી અને ત્યાર બાદ કુલસચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી નો નિર્ણય આખરી ગણાશે અને તે **"સિકયુરીટી કંપની"** ને બંધનકર્તા રહેશે.આ અંગેનો કોઈ કાનુની વિવાદ ઉપસ્થિત થાયતો કંપની તકરાર અંગેનો દાવો ફકત નવસારીની કોર્ટમાંજ દાખલ કરી શકશે. |
| ૧૯. | **"સિકયુરીટી કંપની"** ને ભાડામુકત ઓફિસ આપવામાં આવશે. જેના લાઈટબીલ, ટેલીફોનનો ખર્ચ **"સિકયુરીટી કંપની"** એ ભોગવવાનો રહેશે. સિકયુરીટી ઓફિસરને રેહણાંક માટે મુખ્ય કેન્દ્ર ખાતે કવાર્ટર "બી–૧" માં ફાળવી આપવામાં આવશે. જેનું યુનિવર્સિટીના નિયમ પ્રમાણેનું ભાડું કાર્યપાલક ઈજનેરશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીની કચેરીમાં રોકડે થી દર માસે ૧૦મી તારીખ સુધીમાં અચુક ભરવાનું રહેશે. |
| ૨૦. | **"સિકયુરીટી કંપની"** એ મુકેલ સિકયુરીટી સ્ટાફના કારણે જો કોઈ ગૂંચવણ ભર્યા પ્રશ્ન ઉપસ્થિત થાય કે કોઈ કાયદાકીય ગૂંચવણ ઉપસ્થિત થાય તો તેનું સંપૂર્ણ નિરાકણ કરાવવાની જવાબદારી **"સિકયુરીટી કંપની"**ની રહેશે. |

**નવસારી.**
**તારીખ:૩૦/૦૩/૨૦૧૩.**

**કુલસચિવ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**